



### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ-૬૭ : 'સત્પુરુષના ગુણ આવ્યાનું'નું નિરૂપણ**
**૫ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**શ્રી** સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત' અદ્‌ભુત અને અજોડ ગ્રંથ આપણને આપ્યો. પરમહંસોને ખરેખર ધન્યવાદ ઘટે ! કહેવાય છે કે, ૨૦૦૦ વચનામૃતો હતાં. એમણે એટલી બધી વાતો કરી છે. ત્યારે આવાં રૅકોર્ડિંગ મશીન નહોતાં, વિડિયોગ્રાફી નહોતી, લખવા માટે હજુ પેન આવી નહોતી. કિત્તો-કલમ અને શાહીનો ખડિયો. શાહીના ખડિયામાં બોળી બોળીને લખવાનું. એવા યુગમાં મહારાજ જે બોલ્યા એ બધું લખી લીધું. કેટલો બધો મહિમા ! પરમહંસોએ મહારાજની વાતો શબ્દશઃ લખી. શ્રી સ્વામિનારાયણ ભગવાનને તેઓ એટલા બધા દિવ્ય માને કે, મહારાજની દરેક ક્રિયાનાં દિવ્યભાવે વિશ્લેષણ કરે. આપણને મોટા પુરુષનાં દર્શન કરતાં, મોટા પુરુષ તરફ જોતાં, મોટા પુરુષનું સેવન કરતાં આવડતું નથી, તોય ભગવાને કૃપામાં આપણને લીધા છે એટલે આપણે ફાવી ગયા.

સ્વામિનારાયણ ભગવાન પાંચ દંડવત્ કરતા હોય અને વધારાનો છઠ્ઠો દંડવત્ કરે તોય પરમહંસો પૂછે, 'આજે તમે છ દંડવત્ કેમ કર્યા ?' આપણને તો એમ થાય કે, ભૂલથી થઈ ગયો હશે. પરંતુ, મહારાજની દરેક ક્રિયા ચૈતન્યોને માયા પાર કરવાની હોય ! એવું અદ્‌ભુત માહાત્મ્ય સમજીને પરમહંસો મહારાજ સાથે જીવ્યા, ફર્યા, ઊઠ્યા, બેઠા. એ પરમહંસોએ આ 'વચનામૃત' લખ્યાં. અને પાછાં એ બધાં સ્વામિનારાયણ ભગવાન પાસે વાંચ્યાં ને શ્રી સ્વામિનારાયણ ભગવાને ટીક કર્યાં એટલાં ૨૬૨ વચનામૃતોનો ગ્રંથ બહાર પાડ્યો. બીજાં ઘણાં 'વચનામૃત' પરભાવનાં હતાં, પણ મહારાજે લોકોને સમજ પડે એવી જેમાં વાતો હતી એવાં 'વચનામૃત' સિલેક્ટ કરીને ગ્રંથ બનાવ્યો-એ ૨૬૨ વચનામૃત છે. ગામડાનો અભણ માણસ હોય કે મોટો ભણેલો માણસ હોય, ખેડૂત હોય કે શહેરમાં રહેનારો હોય, બધાને ક્લિક થાય, સમજાય એવી અદ્‌ભુત સરળ ભાષામાં મહારાજે વાતો કરી છે, જે સર્વ શાસ્ત્રોના સારરૂપ છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું પહેલું, તેમાં પ્રશ્ન પુછાયો કે, 'સાધનામાં કઠણમાં કઠણ સાધન કયું ?' કોઈ મહાત્માને આ પ્રશ્ન પૂછજો. તમને ઊંઘ આવી જાય ત્યાં સુધી ભાષણ કરશે. પણ, મહારાજે એક જ લીટીમાં જવાબ આપ્યો, 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ જેવું કોઈ કઠણ સાધન નથી. અને જેની મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે એ જેવી બીજી કોઈ પ્રાપ્તિ નથી.' પછી પૂછ્યું, 'માયાનું રૂપ શું ?' આ પણ પ્રશ્ન કોઈને કરજો. ઘણા સ્ત્રીને માયા કહેશે, ધનને માયા કહેશે, કુટુંબને માયા કહેશે, દેહને માયા કહેશે અને એનું વિશ્લેષણ કર્યા કરશે. અને એમાં જ પોતે ગૂંચવાઈ જશે અને સાંભળનારને પણ ગૂંચવી નાખશે. પણ, સ્વામિનારાયણ ભગવાને એક જ લીટીમાં જવાબ આપ્યો, 'ભગવાનના ભક્તને ભગવાનના થઈને જીવન જીવવામાં, સત્પુરુષની આજ્ઞા પાળવામાં, કથા-વાર્તા, ધૂન-ભજન-પ્રાર્થનામાં આડું આવે એ માયા.' હવે, દરેકની માયા જુદી જુદી હોય. મહારાજે કેટલી સરળ ને સહજ ભાષામાં આપણે સૌ સમજી શકીએ એવી વાતો કરી. પણ, એ એટલી સરળ છે એટલે માણસોને એની કિંમત નથી.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન જર્મન વૈજ્ઞાનિક થઈ ગયા. અમૅરિકા-ન્યૂજર્સીમાં પ્રિન્સટન યુનિવર્સિટીમાં પ્રૉફેસર હતા. બીજા વિશ્વયુદ્ધ પછી તેઓ અમૅરિકા જતા રહ્યા. એમને નૉબેલ પ્રાઈઝ મળ્યું. એમણે સૂત્ર આપ્યું, $E=mc^2$. આપણને એમ થાય કે, આમાં એમણે એવું તે શું આપ્યું કે એમને નૉબેલ પ્રાઈઝ મળ્યું ? પણ હજુ અત્યારે પણ

સાયન્ટિસ્ટો E=mc²ને સમજવા માટે ફાંફાં મારે છે. જ્યારે સ્વામિનારાયણ ભગવાને સરળ ભાષામાં, કોઈ કોમ્પ્લિકેશન ના હોય એવા જવાબો આપ્યા કે પછી એમાં પ્રશ્ન જ ના ઊઠે. એકેએક 'વચનામૃત'માં આત્માનાં આધ્યાત્મિક ઉત્થાન માટેની વાતો મહારાજે આપી. એવું આ વચનામૃત છે–પ્રથમનું ૬૭ : 'સત્પુરુષના ગુણ આવ્યાનું'.

આપણને એમ થાય કે, મોટા પુરુષના ગુણ આપણામાં આવે તો કેટલું સારું ! સત્પુરુષના ગુણ દરેકને લેવા છે, યાદ રાખો ! યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ કેવા અદ્‌ભુત પુરુષો હતા, જેઓએ મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ જેવા કેવા અદ્‌ભુત સંતોની આપણને ભેટ આપી ! એવા ગુણ આપણામાં કેવી રીતે આવે? એ આ 'વચનામૃત'માં છે.

**પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, 'કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી...**

સત્પુરુષને આ લોકમાં પ્રીતિ છે જ નહીં, લખી રાખો ! આપણે ભગવાનના છીએ, પૂર્વના છીએ, ભગવાનને રાજી કરવા માટે સમર્પિત થયા છીએ, આપણે ભગવાનના થઈને જીવવાની અભીપ્સા ધરાવીએ છીએ એટલે આપણી સાથે બોલે છે, પ્રેમ કરે છે, આપણામાં રસબસ થાય છે કે જેથી આપણો સંસાર છૂટી જાય. બાકી, એમને કશામાં આસક્તિ નથી.

**અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે.**

મોટે ભાગે તો કોઈ વાસના ના હોવી જોઈએ અને વાસના મૂકવા તો આવ્યા છીએ. પણ, યોગીજી મહારાજ કહે, 'ના, ભગવાનને રાજી કરવાની, ભગવાનના થઈને જીવવાની, ભગવાનની મૂર્તિ ધારવાની વાસના રાખવાની.' આ વાસના થઈ જાય તો જગતની વાસના છૂટી જાય.

**અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં. એવા જે સત્પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે ? એ પ્રશ્ન છે.'**

મોટા પુરુષને ભગવાનની મૂર્તિને વિશે, તેઓના થઈને જીવવાની જ વાસના હોય. અને તેમનો જે સંગ કરે – સંગ એટલે એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય, એમની આજ્ઞા પાળવાનું તાન હોય; એ સંગ કર્યો કહેવાય. મોટા પુરુષનો સંગ કરે એનું પણ એવી જ જાતનું હિત કરે. શું હિત કરે ? કે, આ મારો સંગી છે, તેને આ સંસારની વાસના છૂટી જાય. આપણા માટે કેવા સંકલ્પ કરે ? આ ડૉક્ટર થઈ જાય, ઍન્જિનિયર થઈ જાય, ઘર મળી જાય, મર્સિડિઝ ગાડી મળી જાય એવા સંકલ્પ કરે ? એ તો મળે જ. જેમ ગામડામાં કોઈ ભેંસ વેચાય, એના આંચળમાં જે બગઈ હોય એની કિંમત જુદી ના હોય, એ બગઈ ભેંસની ભેગી જ આવે. એમ, જગતનાં સુખો, જેને માટે લોકો ફાંફાં મારે છે એ તો બગઈ જેવું છે. ભગવાનને રાખો એટલે એ ઢસેડાતું આવે, એને માટે માગવું પડે નહીં. પણ, દુઃખી કરાવે એવું જગત અંદર છે. આવો સરસ માહોલ હોય, ઍરકન્ડિશન્ડ હૉલમાં બેઠા હોઈએ તોય અંદર પરસેવો થઈ જાય. તો અંદરનું જે જગત છે એ દુઃખી કરાવે છે. કારણ કે, કો'ક ને કો'ક જગ્યાએ વાસના હોય છે. પણ, સત્પુરુષને આપણા વિશે હેત છે એટલે આપણા માટે તેઓ સંકલ્પ કરે કે, આ મારો સંગી છે, તેને આ સંસારની વાસના છૂટી જાય અને ભગવાનને વિશે પ્રીતિ થાય તો ઘણું સારું છે.

આવા સત્પુરુષના ગુણ કેવી સમજદારી રાખે તો આવે ને કેવી સમજદારી રાખીએ તો ના આવે તે પ્રશ્ન છે.

સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય,
એમના વિશે સમ્યક્ નિર્દોષભાવ હોય,
તેઓ ગમે તે કરે પણ મારા માટે તો
તેઓ પ્રભુનું સ્વરૂપ છે, દિવ્ય છે !
એવું જો માનતો હોય તો
એનામાં સત્પુરુષના ગુણ આવે.





**ગમે તેવી પરિસ્થિતિમાં, ગમે તેવા સંજોગોમાં**
**કંઈ પણ બને તો પણ આપણાને**
**સત્પુરુષને વિશે મનુષ્યભાવ ના આવે,**
**માયિકભાવ ના આવે, ભાવફેર ના થાય,**
**તેઓની ક્રિયાની ટીકાટિપ્પણ ના થાય;**
**તો એનામાં સત્પુરુષના ગુણ અવશ્ય આવે.**

**પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'જેને આ લોકના સુખમાં ઇચ્છા નથી એવા સત્પુરુષ છે, તેને વિષે દેવની બુદ્ધિ રાખે**

દેવની બુદ્ધિ એટલે દિવ્યભાવ, મૂર્તિઓને વિશે પ્રભુની બુદ્ધિ છે. તમે જુઓ, કોઈપણ નાનું-મોટું મંદિર હોય તો માણસ પગે લાગે. જુએ નહીં કે કોની મૂર્તિ છે ? શાનું મંદિર છે ? તરત માથું નમી જાય. એ મૂર્તિઓને વિશે દેવબુદ્ધિ છે તો મૂર્તિને સીધું માથું નમી જાય છે. સામાન્ય રીતે તમે કોઈને વાઘ ઉપર બેઠેલા જુઓ તો બીક લાગે. પણ આપણે મંદિરમાં વાઘ ઉપર બેઠેલાં માતાજીની મૂર્તિ જોઈએ તો કશું વિચાર્યા વગર તરત માથું નમી જાય; એ દેવબુદ્ધિ કહેવાય. એમ, સત્પુરુષને વિશે દેવબુદ્ધિ. સત્પુરુષ છેને ! બસ, તેઓ સાંગોપાંગ નિર્દોષ ને દિવ્ય છે ! એવો નિર્દોષભાવ એમના વિશે હોય. અને તેઓ જે વચન કહે, તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે. તેઓ જે આજ્ઞા આપે એ આજ્ઞામાં પોતાની આવડત, હોશિયારી, બુદ્ધિનો ઉપયોગ કરીને આજ્ઞા પાળે અને તે પ્રમાણે વર્તે તો એ દેવબુદ્ધિ કહેવાય.

**અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે, તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે; અને જે એવો ન હોય તેમાં ન આવે.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એ ઉત્તર તો ખરો, પણ આમ સમજે તો મોટા પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે.**

દોષબુદ્ધિને લીધે સત્પુરુષનું વચન અલપઝલપ પાળે. પોતાને ફાવતું પાળે ને ના ફાવતું ના પાળે એવું અલપઝલપ કરે એમાં સત્પુરુષના ગુણ આવે નહીં. આની ઉપર મહારાજ પછી વધારે પ્રકાશ પાથરે છે. જો આમ સમજે તો મોટા પુરુષના ગુણ આવે તે સમજણ કઈ ?

**તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઇચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે.**

મોટા પુરુષની આગળ પોતાની જાતને તુચ્છ માને કે, આ સત્પુરુષ કેટલા મોટા છે, આટલા બધા લોકો તેમને માને છે તો પણ એનો એમને ભાર નથી. ભગવાન સિવાય કોઈની એમને લેશમાત્ર ઇચ્છા નથી અને એમની સામે હું અતિશય પામર છું. ભગવાનની જે વાતો છે તેમાં મને સમજણ પડતી નથી માટે મને ધિક્કાર છે. એટલે એવી રીતે પશ્ચાત્તાપ કરે, પશ્ચાત્તાપ રૂપી પ્રાર્થના કરે.

**પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. હવે જેના હૃદયમાં સત્પુરુષના ગુણ ન જ આવે તેનાં લક્ષણ કહીએ તે સાંભળો.**

મુક્તાનંદ સ્વામીએ જવાબ આપ્યો એમાં મહારાજે પાછળથી પુરવણી કરી. મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, જેને આ લોકની ઇચ્છા નથી એવા સત્પુરુષને વિશે દેવની બુદ્ધિ, નિર્દોષબુદ્ધિ રાખે, તેઓ જે આજ્ઞા આપે એને પાળે અને એ પ્રમાણે વર્તે તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે. એની આગળ મહારાજે કહ્યું કે, એ મુમુક્ષુ પાછો કેવો હોય ? કે મોટા પુરુષને દિવ્ય માને. આટલા મોટા પુરુષ મળ્યા, આવું દિવ્ય વાતાવરણ મળ્યું, આવો અદ્ભુત સત્સંગ મળ્યો અને હજુય મને સંસારની આસક્તિ છે, સંસારની આશ છે; એમ કહીને પોતાની જાતને ધિક્કારે. પ્રભુ મને આમાંથી છોડાવો. આવા પુરુષના સાંનિધ્યમાં રહેવાનું મળ્યું, આવી ભક્તિ કરવાનું મળ્યું તોય મને આવું થાય છે તો તેનો મને ખરેખર પશ્ચાત્તાપ થાય છે. અને માત્ર એકલો પશ્ચાત્તાપ કરીને નહીં, પશ્ચાત્તાપ રૂપી પરિતાપ કરીને પ્રાર્થના કરે, ધૂન-ભજન કરતો રહે

તો મોટા પુરુષના ગુણ એનામાં આપોઆપ આવે. પણ એવા ગુણ ક્યારે ના આવે એનું મહારાજે પછી કહ્યું.

**જે પુરુષ એમ સમજે જે, 'આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાં-પીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે.' એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરુષ હોય, તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહીં.'**

મોટા પુરુષની ક્રિયાની, એમના કાર્યની ટીકાટિપ્પણ કરે, ભાવફેર કરે એવાને મોટા પુરુષનો અવગુણ આવે. ભલેને જોડે રહેતો હોય, જોડે ફરતો હોય, ખાતો હોય, પીતો હોય, એમની પ્રસાદી જમતો હોય, તો પણ ગુણ આવે નહીં. પણ અમેરિકા કે ઈંગ્લેન્ડ રહેતો હોય, પણ કહ્યું એમ, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય, એમના વિશે સમ્યક્ નિર્દોષભાવ હોય, તેઓ ગમે તે કરે પણ મારા માટે તો તેઓ પ્રભુનું સ્વરૂપ છે, દિવ્ય છે ! એવું જો માનતો હોય તો એનામાં સત્પુરુષના ગુણ આવે.

શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થા સ્થાપી. કેવા અદ્‌ભુત પુરુષ હતા ! મહંત સ્વામીના બાપુજી-મણિકાકાએ કરેલી વાત કે, શાસ્ત્રીજી મહારાજે પાંચ મંદિરનાં બાંધકામ શરૂ કર્યાં. પહેલું બોચાસણ, પછી સારંગપુર, પછી ગોંડલ, પછી અટલાદરા અને છેલ્લે ગઢડા મંદિરનું કામ ઉપાડ્યું. ત્યારે મુઠ્ઠીભર જ ભક્તો હતા. બિલો ચૂકવવા, પગારના પૈસા આપવા, આ બધાનો બહુ બધો તકાદો થાય. અને તે સમયે વિરોધ પણ ખૂબ. પોલિટિશિયનોનો વિરોધ, સમાજનો વિરોધ, મૂળ સંસ્થાનો વિરોધ-એ વિરોધમાં તેઓ કૉર્ટ કેસ કરતા એટલે કૉર્ટમાં દોડાદોડી; એવા વિરોધમાં શાસ્ત્રીજી મહારાજે આવું બધું કાર્ય કર્યું.

તે સમયે શાસ્ત્રીજી મહારાજની ૮૦ વરસની ઉંમર હતી. એક રાત્રિના સમયે આણંદ મંદિરે મણિકાકા ને ચાર-પાંચ ભક્તો શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યે બેઠા હતા. મણિકાકા કહે, શાસ્ત્રીજી મહારાજ રાત્રે સૌને ખૂબ આનંદ કરાવે એટલે અમે શાસ્ત્રીજી મહારાજ હોય ત્યારે મંદિરમાં જ સૂઈ જઈએ. એ દિવસે રાત્રે શાસ્ત્રીજી મહારાજ બેઠા હતા ને ઓચિંતા પોક મૂકીને રડવા લાગ્યા, એકદમ જોરથી એમણે પોક મૂકી. આજુબાજુ બીજા બધા જે સૂતા હતા તેઓ પણ બેઠા થઈ ગયા કે, શું થયું સ્વામીને ? પૂછ્યું, 'સ્વામી શું થયું ?' સ્વામી કહે, 'હાય હાય, મને ઘરડેઘડપણ શું સૂઝ્યું કે મેં પાંચ પાંચ મંદિરોનું કામ એક સાથે ઉપાડ્યું ? પૈસા નથી, તકાદા થાય છે ને વિરોધ છે. હાય હાય હું કેમનું આ બધું પહોંચી વળીશ ?' પોકે ને પોકે રડતા જાય ને આવું બોલતા જાય. ત્યારે મારા-તમારા જેવા તો સાંત્વના આપીએ ને કહીએ, 'સ્વામી, અમે છીએને ! અમે તમને મદદ કરીશું.' પણ મણિકાકા કહે, અમે બધાએ હાથ જોડીને કહ્યું, 'હે સ્વામી ! હે દયાળુ ! તમે પોક મૂકો, રડો, હસો, આવું બોલો તોય તમે અમારા માટે પ્રભુનું સ્વરૂપ છો, સર્વ કર્તાહર્તા છો. તમારા વિશે અમને લેશમાત્ર માયિકભાવ આવ્યો નથી અને આવશે પણ નહીં.' એટલે શાસ્ત્રીજી મહારાજ ખડખડાટ હસી પડ્યા. શાબાશ ! કહી સૌને ભેટીને આશીર્વાદ આપ્યા. ખરે જ, દઢ નિષ્ઠાવાન આ ભક્તોને ધન્ય છે !

બાકી ઘણાને તો એમ થાય કે, સ્વામીની વાત તો સાચી છે, પાંચ પાંચ મંદિરનું કામ તેઓએ ઉપાડ્યું, પણ નહોતું ઉપાડવા જેવું, પૈસાનું જોવા જેવું હતું. જરાક અમારા જેવા માણસને તો પૂછવું હતું ! પૂછ્યું હોત તો સલાહ આપત. પણ તમે પૂછતા નથી ને તમારી જાતે દોડાદોડી કરો છો તો હવે કરો ચિંતા. ઘણા અખ્તરડાહ્યા તો સ્વામીને પાછી સલાહ પણ આપે. જ્યારે આ ભક્તોએ કહ્યું, 'સ્વામી ! તમે રડો, હસો, ગમે તે કરો પણ તમે અમારા માટે પ્રભુનું સ્વરૂપ છો, કર્તાહર્તા છો ! તમારા વિશે અમને સહેજ પણ ભાવફેર થવાનો નથી. અમે તમારા આ 'રડતા નારાયણ'નાં દર્શન કરીએ છીએ. શાસ્ત્રીજી મહારાજ

> બધાને દિવ્ય માનો, પૂજનીય માનો,
> એમની આગળ હું કાંઈ જ નથી
> એવું માનીને રાંકભાવે સેવા કરો,
> નિભય-ધર્મમાં રહી ભક્તિ કરો ;
> તો ગુણ અવશ્ય આવશે,
> આવશે ને આવશે જ.





**આધાર ભગવાનનો થઈ જાય.**
**પછી આખી દુનિયાનું રાજ આવશે**
**તોય જનક રાજાની જેમ**
**વિદેહી અવસ્થામાં રહેવાશે,**
**બંધાઈશું નહીં.**

ખડખડાટ હસી પડ્યા. બધાને બથમાં લઈને ભેટ્યા અને આશીર્વાદ આપ્યા. એમના ઘરે પછી મહંત સ્વામી જેવા સાધુ પ્રગટ થાય કે ના થાય ? આવા ભક્તો હતા, તમે જુઓ તો !

યોગીબાપાને પણ તમે જુઓ ! એક વખત યોગીબાપા આફ્રિકામાં હતા. એક સાધુએ આફ્રિકા જઈને પોત પ્રકાશ્યું તેથી એમને સંસ્થામાંથી કાઢી મૂકવા પડ્યા. ત્યાં જઈને થોડા ભક્તોને ભેગા કરીને એમણે અલગ ચોકો જમાવ્યો. આફ્રિકાના આખા સત્સંગસમાજમાં બોચાસણ સંસ્થા વિરુદ્ધ તેમણે ખળભળાટ મચાવી દીધો. બાપા આફ્રિકા ગયા ત્યારે તેઓ ફુલફ્લેજ્ડ વિરોધ કરતા હતા. કૅન્યા, નૈરોબીમાં બાપાનો પ્રવાસ હતો અને કૉર્ટ કેસ થયો. યોગીબાપાને કૉર્ટમાં હાજર થવાનું કૉર્ટનું સમન્સ આવ્યું. એટલે બધા ભક્તોએ બાપાને કહ્યું, 'બાપા, આવતા અઠવાડિયે આપણે કૉર્ટમાં જવું પડશે.' બાપા કહે, 'અમારા સાધુથી કૉર્ટમાં ના અવાય.' તો કહ્યું, 'કાયદો છે, સમન્સ છે એટલે સાક્ષી તરીકે આપને હાજરી આપવી પડે.' બાપા કહે, 'મારે કૉર્ટમાં નથી જવું. કૉર્ટમાં ના જવું પડે એનો કોઈ ઉપાય શોધો.' ત્યારે કહ્યું કે, 'બાપા, આ કૅન્યા દેશ છે, આ દેશ છોડી દઈને બીજા દેશમાં જતા રહીએ તો કૉર્ટમાં ના જવું પડે.' તો બાપા કહે, 'એમ કરો, આપણે યુગાન્ડા જતા રહીએ.' નૈરોબીથી યુગાન્ડા ૧૨થી૧૪ કલાકનું ટ્રાવેલિંગ. પણ બાપા કારમાં નીકળ્યા ને સીધા યુગાન્ડા જતા રહ્યા. બીજાને એમ થાય કે, તમે તો ભગવાનનું સ્વરૂપ છો તો કૉર્ટ કેસ પાછો ના ખેંચે ? પણ ભક્તોને ધન્ય છે! યોગીજી મહારાજ કેન્યાથી સીધા યુગાન્ડા ગયા. ભક્તો પ્રેમથી એમને લઈ ગયા, ભાવફેર ના કર્યો તો એ ભક્તો ફાવી ગયા.

એટલે ગમે તેવી પરિસ્થિતિમાં, ગમે તેવા સંજોગોમાં કંઈ પણ બને તો પણ આપણને સત્પુરુષને વિશે મનુષ્યભાવ ના આવે, માયિકભાવ ના આવે, ભાવફેર ના થાય, તેઓની ક્રિયાની ટીકાટિપ્પણ ના થાય; એવું જે કરે તો મહારાજ કહે, એનામાં સત્પુરુષના ગુણ અવશ્ય આવે. પણ ટીકાટિપ્પણ કરે, સલાહ આપે, ભાવફેર કરે, માથાકૂટ કરે એનામાં કોઈ કાળે ભગવાન ને સત્પુરુષના ગુણ આવતા નથી. તો આપણે તો ભગવાન ને સત્પુરુષના એવા ગુણ પ્રાપ્ત કરવા છે. આપણા એકએક સાધુ એવા છે, એકએક ભક્ત એવા છે. દરેકના ગુણ ગાવા, દરેકના ગુણ સાંભળવા. રાત્રે સૂઈ જઈએ ત્યારે એમના ગુણોનો વિચાર કરીએ તો ઊંઘ પણ સરસ આવી જાય ને આપણને પણ સારું થાય.

આપણે કેવા છીએ એનો વિચાર ના કરવો, પણ આપણને જે મહારાજ મળ્યા છે, સ્વામી મળ્યા છે, સંતો-ભક્તો મળ્યા છે તેનો વિચાર કરવો. અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સમજાવે એવા સત્પુરુષના યોગમાં રાખ્યા છે, અને તેઓના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે તો, એમની સાથે જોડાયેલા સંતો-ભક્તો સૌ બહુ જ મોટા છે ! એમના તો દર્શન જ થાય, એમની તો સેવા જ થાય, એમને તો બે હાથ જોડીને પગે જ લગાય; આટલું જો રાખીશું તો ગમે એવા હોઈશું તો પણ સત્પુરુષના ગુણ આપોઆપ આવશે. આમાં એવું કોઈ જગ્યાએ કહ્યું કે, આ પાળો, પેલું પાળો, ફલાણું કરો તો સત્પુરુષના ગુણ આવે ! મહારાજે કેટલી સહેલી ને સરળ વાત બતાવી કે, આ બધાને દિવ્ય માનો, પૂજનીય માનો, એમની આગળ હું કાંઈ જ નથી એવું માનીને રાંકભાવે સેવા કરો, નિયમ-ધર્મમાં રહી ભક્તિ કરો; તો ગુણ અવશ્ય આવશે, આવશે ને આવશે જ.

ઘણા કહે, આરબો ખાઈ-પીને જલસા કરે છે. એમને ત્યાં ખૂટે નહિ એટલા બધા પૈસા છે અને રોજના રોજ વધતા જાય છે. પણ એમના ગયા જન્મની ખબર છે ? ગયા જન્મે કેટલાં પુણ્ય કર્યાં હશે ત્યારે એમને આટલા પૈસા મળ્યા છે અને આ જન્મે પાછા પુણ્ય કરે છે. મહંત સ્વામીને ત્યાં બોલાવીને મંદિર બંધાવી આપ્યું તો હવે એમનું પુણ્ય વધશે. મોટો પૈસાદાર કોઈ માણસ આવે તો આપણે એટલું જ જોવું કે, ગયા જન્મનો કેવો પુણ્યશાળી માણસ હશે કે, ભગવાને એમને આટલી બધી સમૃદ્ધિ આપી, આટલું સ્ટેટસ આપ્યું ! એવા ગુણ જોઈએ તો આપણામાં ગુણ આવે. અને આનામાં કશું છે નહીં, સાવ ડોબા જેવો છે

ને આટલા બધા પૈસા ભગવાને આપ્યા ? અને બહુ હોશિયાર હોય, મહેનત કરતો હોય તો એની પાસે કશું ના પણ હોય. પણ યાદ રાખો, ભગવાનની લીલા અકળ છે !

એક દૃષ્ટાંત આપું. શ્રી કૃષ્ણ પરમાત્મા ને અર્જુન જતા હતા. રસ્તામાં એક નાનો આશ્રમ આવ્યો. મહાત્માને ખબર પડી એટલે શ્રી કૃષ્ણ પરમાત્મા અને અર્જુનની આગતાસ્વાગતા કરી. બગીચાનાં ફૂલ એમનાં ચરણારવિંદમાં મૂક્યાં, પગે લાગ્યા ને મહાત્મા ખુશ થયા. ભગવાને ખબરઅંતર પૂછ્યા. ત્યારે કહે, 'આપની કૃપાથી સારું છે. આ ગાય મને આપી છે એને લઈને મારું ગુજરાન ચાલે છે. દૂધ આપે છે, હું પીઉં છું અને વેચું છું એના જે પૈસા આવે છે એમાંથી મારા આશ્રમનો વહીવટ, ગુજરાન ચાલે છે.' એવી રીતે ગાયની બહુ બધી વાતો કરી કહ્યું કે, 'ગાય ઉપર આખો આશ્રમ ચાલે છે.' પછી બહાર નીકળી, થોડે દૂર જઈ શ્રી કૃષ્ણ પરમાત્મા અર્જુનને કહે, 'આપણે આ મહાત્મા માટે સંકલ્પ કરીએ.' અર્જુનને એમ કે, આ ઋષિનો મોટો આશ્રમ થાય એવો પ્રભુ સંકલ્પ કરશે. પણ શ્રી કૃષ્ણ પરમાત્મા કહે, આપણે એક સંકલ્પ કરીએ કે, 'આ મહાત્માની ગાય મરી જાય.' આવો સંકલ્પ કરી, પ્રાર્થના કરીને પછી તેઓ તો આગળ ગયા.

રસ્તામાં બીજો એક બંગલો આવ્યો. બંગલાવાળાએ શ્રી કૃષ્ણ પરમાત્માને આમંત્ર્યા, આગતાસ્વાગતા કરી, ફૂલ-ફળાદિ બધું આપ્યું. તે જાહોજહાલીવાળો માણસ હતો, પણ એણે પછી ભગવાન સામે એના અહંકારમાં, એના પૈસાના તોરમાં બધી વાતો કરી. ત્યાંથી બહાર નીકળ્યા એટલે શ્રી કૃષ્ણ અર્જુનને કહે, 'આપણે આના માટે સંકલ્પ કરીએ.' અર્જુનને થયું કે, હમણાં સંકલ્પ કરાવશે અને આનો બંગલો પણ લઈ લેશે. શ્રી કૃષ્ણ કહે, સંકલ્પ કરીએ કે, 'આની સમૃદ્ધિ દસગણી વધી જાય.' અર્જુન તો ઘા ખાઈ ગયો. એ કહે, 'ભગવાન તમારી વાત ના સમજાઈ. પેલા મહાત્માએ તમારું અદ્ભુત સ્વાગત કર્યું, ફૂલ-ફળાદિ આપ્યાં ને આણે તમને બોલાવ્યા ખરા, પણ તમારું અપમાન પણ કર્યું. પેલાની ગાય મારી નાખી અને આને દસગણું આપવાની વાત કરી; તે મને સમજાયું નહીં.'

ત્યારે શ્રી કૃષ્ણ કહે, 'અર્જુન, પેલા મહાત્મા આખી જિંદગી ભક્તિ કરે છે, પણ ગાયમાં ચોંટેલો છે. ગાય એનો આધાર છે. જો એ આધાર છૂટી જશે તો ભગવાન જ એનો આધાર થઈ જતાં એનો છેલ્લો જન્મ થઈ જશે. અને આની પાસે પૈસા છે, થોડું ખોટું કરે છે, પણ દસગણી સમૃદ્ધિ ભેગી કરવા એ અનંતગણું ખોટું કરશે એટલે તેનું પુણ્ય ખલાસ થતાં આ ને આ જન્મે એનો ફેંસલો આવી જશે.' એટલે આપણા ભક્તોમાં જે આવે છે એ શું આવે છે ? ભગવાન સિવાય કોઈ આધાર નહીં ! કાંઈ પણ થાય તો ભગવાનનું જ શરણું, ભગવાનનો જ આશરો, ભગવાનનું જ બળ કે, પ્રભુ ! તમે કરી રહ્યા છો, અમને સાચવજો. આમ કહીને પરિતાપ-પશ્ચાત્તાપ રૂપી પ્રાર્થના કરવી. અમે કાંઈ જ નથી, પણ આવા અદ્ભુત સમાજમાં પ્રભુ તમે અમને લાવ્યા, મૂક્યા, તમે અપરંપાર કૃપા વરસાવી છે ! આ બધા ભક્તો એટલા મોટા છે, એટલા બધા દિવ્ય છે ! એમ માનીને એમની નિર્દોષભાવે સેવા કરું. નથી થઈ શકતી એ પશ્ચાત્તાપ-પરિતાપ રૂપી પ્રાર્થના કરે તો મહારાજ કહે, એમાં પછી આધાર ભગવાનનો થઈ જાય. પછી આખી દુનિયાનું રાજ આવશે તોય જનક રાજાની જેમ વિદેહી અવસ્થામાં રહેવાશે, બંધાઈશું નહીં.

ભગવાનને બધું જ આપવું છે. પણ પાછા બંધાઈ ના જઈએ એટલે ભગવાન પાછું લે તે પહેલાં અંદરથી ડિટેચ કરી લે. ભગવાન સિવાય બીજી કોઈ જગ્યાએ એટેચમેન્ટ નહીં. ભગવાન સિવાય જીવન જીવવા બીજી કોઈ પ્રવૃત્તિ જ નહીં. ભગવાન ને ભગવાનના ભક્તો દિવ્ય જ મનાય. ગમે એવું તેઓ આપણને ભાંડે, ગાળો બોલે, આપણી સામે મોઢું બગાડે તોય તેઓ દિવ્ય છે. અને જગતવાળા હસે, આપણાં વખાણ કરે તોય એમની સાથે ફાવે નહીં. આપણને એવો જ્યારે અંદરથી બૃહદ વૈરાગ્ય થાય ત્યારે સત્પુરુષના ગુણ આવે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

ભગવાન સિવાય
બીજી કોઈ જગ્યાએ એટેચમેન્ટ નહીં.
ભગવાન સિવાય
જીવન જીવવા બીજી કોઈ પ્રવૃત્તિ જ નહીં.
ભગવાન ને ભગવાનના ભક્તો
દિવ્ય જ મનાય.

